ગાંધીનગર સમાચાર

વર્લ્ડકપ ક્રિકેટ : ૩૦ સંભવિતોના નામ જાહેર

ઝહીર ખાન, ગૌતમ ગંભીર તથા હરભજનનો પણ સમાવેશ ન થયો

મુંબઈ,તા. ૪

ઓસ્ટ્રેલિયા અને ન્યુઝિલેન્ડમાં રમાનાર વિશ્વકપ માટે ૩૦ સંભવિત ખેલાડીઓની યાદી આજે બીસીસીઆઈની પસંદગી સમિતિ દ્વારા જાહેર કરવામાં આવી હતી. જેમાં પાંચ ધરખમ ખેલાડીઓનો સમાવેશ ન કરાતા ક્રિકેટ ચાહકોમાં પણ આશ્ચર્યનું મોજું ફરી વળ્યું છે. સંદીપ પાટિલના નેતૃત્વમાં પસંદગી સમિતિની બેઠક આજે મળી હતી. જેમાં ખરાબ ફોર્મમાં ચાલી રહેલા યુવરાજસિંહ, વિરેન્દ્ર સહેવાગ, ગૌતમ ગંભીર, ઝહીર ખાન, હરભજનસિંહ જેવા ધરખમ ખેલાડીઓનો સમાવેશ કરવામાં ન આવતા આશ્ચર્યનું મોજું ફરી વળ્યું હતું. યુવા ખેલાડીઓને વધુ મહત્વ અપાયું છે. નવી યાદીનો મતલબ એ થયો કે, માત્ર ચાર જ ખેલાડી એવા છે જે વર્ષ ૨૦૧૧ની વર્લ્ડકપ વિજેતા ટીમમાં હિસ્સો રહી ચુક્યા છે. આ ચાર ખેલાડીઓમાં મહેન્દ્રસિંહ ધોની, વિરાટ કોહલી, સુરેશ રૈના, રવિચંદ્ર અશ્વિનનો સમાવેશ થાય છે. બીસીસીઆઈએ સંભવિતોની યાદી માઈક્રોબ્લોગિંગ સાઈટ ટ્વીટર મારફતે જાહેર કરી હતી. ૩૦ સંભવિત ખેલાડીઓની યાદીમાંથી અંતિમ ૧૫ની પસંદગી કરવામાં આવશે. ધરખમ ખેલાડીઓની બાદબાકીનો નિર્ણય ખૂબ જ કઠોર રહ્યો હતો. પસંદગી સમિતિની બેઠકમાં મહેન્દ્રસિંહ ધોની ઉપસ્થિત રહ્યો નહતો. ૨૦૧૧ વર્લ્ડકપમાં ટૂર્નામેન્ટમાં મેન ઓફ ધ સીરિઝ રહી ચુકેલા યુવરાજ લાંબા સમયથી ખરાબ ફોર્મમાં છે. લાંબા સમયથી આઉટ ઓફ ફોર્મ ચાલી રહેલા ખેલાડીઓની બાદબાકી આશ્ચર્યનજનક છે. ઈંગ્લેન્ડ ટેસ્ટ શ્રેણીમાં ગૌતમ ગંભીરને તક મળી હતી. પરંતુ તે ફ્લોપ રહ્યો હતો. સ્થાનિક ક્રિકેટમાં ગૌતમ ગંભીર સફળ રહ્યો હતો પરંતુ સહેવાગ નિષ્ફળ રહ્યો હતો. ઝહીર ખાન ફિટનેસના કારણે વારંવાર પરેશાન રહ્યો હતો. ટર્બ નેટર તરીકે જાણીતા હરભજનસિંહ માટે તક હતી પરંતુ તેનો સમાવેશ કરાયો નથી. પસંદગી કરવામાં આવ્યા બાદ સ્પષ્ટ થયું છે કે ધોની, રોહિત શર્મા, વિરાટ કોહલી, સુરેશ રૈના બેટીંગમાં નેતૃત્વ કરશે. શિખર ધવન, રહાણે, જાડેજા અને રાયડુ પાસેથી પણ આશા રહેશે.

પાંચ રાજકીય પક્ષ મર્જ થશે

નવી દિલ્હી,તા.૪

સમાજવાદી પાર્ટીના વડા મુલાયમસિંહ યાદવને જનતા પરિવારના પક્ષોના મર્જર માટે ગ્રાઉન્ડવર્ક તૈયાર કરવાની જવાબદારી સોંપાઈ છે. વડાપ્રધાન મોદીની દેશભરમાં વધતી જતી લોકપ્રિયતાને ધ્યાનમાં લઈને જનતા પરિવારે હવે સંગઠિત થઈને મેદાનમાં ઉતરવાનો નિર્ણય કર્યો છે. જેના ભાગરૂપે હવે મર્જરની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ બેઠકમાં વિવિધ મુદ્દા ઉપર ચર્ચા કરવામાં આવી હતી. બેઠક બાદ બિહારના પૂર્વ મુખ્યમંત્રી અને જેડીયુના વરિષ્ઠ નેતા નિતિશકુમારે કહ્યું હતું કે, આ પક્ષોએ ૨૨મી ડિસેમ્બરના દિવસે દિલ્હીમાં સંગઠીતરીતે દેખાવ કરવાનો નિર્ણય કર્યો છે. કાળા નાણાંના મુદ્દે મોદી સરકારની નિષ્ફળતા અને ખેડૂતોને આપવામાં આવેલા વચનો પાળવામાં નિષ્ફળતાને લઈને વિરોધ કરવામાં આવશે. નિતિશકુમારે કહ્યું હતું કે, સપાના વડા મુલાયમસિંહ યાદવના નિવાસ સ્થાને વિરોધપક્ષોના નેતાઓની બેઠક મળી હતી. જેમાં સંસદની અંદર અને સંસદની બહાર સરકાર સામે લડત ચલાવવાનો નિર્ણય કરાયો હતો. નિતિશકુમારે કહ્યું હતું કે, પાર્ટી તમામ સંબંધિત મુદ્દાઓ ઉપર સાથે મળીને કામ કરશે. આજની બેઠકમાં આરજેડી, જેડીયુ, સમાજવાદી પાર્ટી, આઈએનએલડીના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

મોદીની વધતી જતી તાકત અને કોંગ્રેસની ઘટતી જતી લોકપ્રિયતા વચ્ચે વિપક્ષની જગ્યાને મેળવી લેવાના હેતુસર જનતાદળના જુના સાથીઓ હવે એકસાથે આવવા તૈયારી કરી રહ્યા છે. વર્ષ ૧૯૯૦માં શાસક પક્ષ જનતા પાર્ટીથી અલગ થયેલી પાંચ પ્રાદેશિક પાર્ટીઓ એકસાથે થઈ શકે છે. જેમાં સમાજવાદી પાર્ટી, લાલુ પ્રસાદ યાદવની આરજેડી, ઓમપ્રકાશ ચૌટાલાની, આઈએનએલડી, નિતિશકુમારની જેડીયુ અને દેવગૌડાની જેડીએસનો સમાવેશ થાય છે. મુલાયમના આવાસ ઉપર આ બેઠક યોજાઈ હતી. ચૌધરી અજિતસિંહની પાર્ટી આરએલડી અને નવીન પટનાયકની પાર્ટી બીજુ જનતાદળ નવા પ્રયોગમાં સામેલ થઈ રહ્યા નથી. જાટ સમુદાયના નેતૃત્વને લઈને અજીતસિંહ અને ચૌટાલા પરિવારમાં લાંબા સમયથી તંગદીલી છે. બન્ને પરિવારમાં જાટ સમુદાયને પોતાની તરફ ખેંચવાના પ્રયાસ થઈ રહ્યા છે. બીજેડી ઓરિસ્સામાં લાંબા સમયથી સત્તામાં છે. હાલમાં ભાજપ તેના માટે મોટા પડકારની સ્થિતિમાં નથી. સમગ્ર દેશમાં આંદોલન ચલાવવાની યોજના પણ તૈયાર થઈ રહી છે. તૃણમુલ કોંગ્રેસ અને ડાબેરીઓને પણ સાથે લાવવાના પ્રયાસ થશે.

સમગ્ર જમ્મુ કાશ્મીર તીવ્ર ઠંડીના સકંજામાં

લેહમાં માઈનસ ૧૨.૬ ડિગ્રી તાપમાન : જનજીવન ખોરવાયું

શ્રીનગર, તા.૪

દેશના રાજસ્થાન, હરિયાણા અને દિલ્હી સહિત દેશના જુદા જુદા ભાગોમાં ઠંડીનું પ્રમાણ સતત વધી રહ્યું છે.બીજીબાજુ જમ્મુ કાશ્મીર ઠંડીના તીવ્ર સકંજામાં આવી ગયું છે. કાશ્મીર ખીણ અને લડાખમાં લઘુત્તમ તાપમાન શુન્ય કરતા પણ નીચે પહોંચ્યં છે જેથી જનજીવન ખોરવાઈ ગયું છે. જમ્મુ કાશ્મીરના ઉનાળા પાટનગર શ્રીનગરમાં માઈનસ ૨.૨ ડિગ્રી તાપમાન થયું છે જે આ સીઝનમાં સૌથી ઓછું તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગે કહ્યું છે કે, રાત્રિ તાપમાનમાં પણ ઘટાડો થઈ રહ્યો છે. શહેરમાં લઘુત્તમ તાપમાનમાં પણ ઘટાડો થયો છે. વાર્ષિક અમરનાથ યાત્રા દરમિયાન બેઇઝ કેમ્પ તરીકે ઓળખાતા પહેલગામમાં માઈનસ ૪ ડિગ્રી તાપમાન થયું છે. ટુરીસ્ટ રિસોર્ટ પહેલગામ ઉપરાંત વિશ્વ પ્રસિદ્ધ ગુલમર્ગ ખાતે ૨.૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે. ગુલમર્ગ સ્કી રિસોર્ટ માટે જાણીતું રહ્યું છે. આવી જ રીતે કાશ્મીર ખીણના ગેટવે શહેર ગણાતા કાજીગુંદમાં પારો માઈનસ ૨.૪ ડિગ્રી સુધી પહોંચી ગયો છે. કોકરનાગમાં પારો માઈનસ ૧.૮ ડિગ્રી થઈ ગયો છે. ઉત્તરકાશ્મીરના કુપવારામાં રાત્રિ તાપમાન માઈનસ બે ડિગ્રી નોંધાયું છે. બીજીબાજુ લેહમાં માઈનસ ૧૨.૬ ડિગ્રી તાપમાન થયું છે. નજીકના કારગિલમાં માઈનસ ૧૦.૬ ડિગ્રી તાપમાન થયું છે.ઠંડીમાં વધારો થઈ શકે છે. દેશના અન્ય ભાગોમાં પણ કડકડતી ઠંડીનો અનુભવ થવા લાગ્યો છે.

મહારાષ્ટ્ર : કેબિનેટમાં આજે શિવસેનાના ૧૨ મંત્રી જોડાશે

મુંબઈ,તા. ૪

મહારાષ્ટ્રમાં દેવેન્દ્ર ફડનવીસના નેતૃત્વમાં કેબિનેટના વિસ્તરણ માટેની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. આવતીકાલે સવારે કેબિનેટનુ વિસ્તરણ કરવામાં આવશે. છેલ્લા કેટલાક મહિનાથી રહેલા વિવાદનો અંત આવી જતા તેના જુના સાથી પક્ષ શિવ સેનાના ૧૨ પ્રધાનોને પણ કેબિનેટમાં સામેલ થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. આવતીકાલે કેબિનેટના વિસ્તરણ વેળા આશરે ૨૨ પ્રધાનોને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવવામાં આવાનર છે. જે પૈકી શિવ સેનાના ૧૨ અને ભાજપના ૧૦ પ્રધાનો રહે તેવી શક્યતા છે. શપથવિધી કાર્યક્રમ વિધાન ભવનમાં સવારે ૧૦ વાગે શરૂ કરવામાં આવે તેવી શક્યતા છે. ફડનવીસે મંગળવારે નવી દિલ્હીમાં ભાજપ પ્રમુખ અમિત શાહ સાથે વાતચીત

કરી હતી. એમ માનવામાં આવે છે કે પ્રધાનમંડળમાં ભાજપ ક્વોટાના સંભવિત પ્રધાનોના નામ પર તેમને મંજૂરી મળી ગઈ છે. ભાજપ તરફથી સંભવિતોમાં વરિષ્ઠ ધારાસભ્ય શિરિશ બાપટ(પુણે), શિરીશ મહારાજન (જલગાંવ), મરાઠવાડાના બબનરાવ લોનીકર અને શંભાજી પાટિલનો સમાવેશ થાય છે. અલબત્ત સંજય કુટે, ચૈનસુખ સાંચેતી, સીમાં હીરે અને દેવયાની ફરાન્ડેના નામ પણ સામેલ છે. જયકુમાર રાવલ, ગોવર્ધન શર્મા અને મદન યેરાવરના નામ પણ ચર્ચામાં છે. શિવ સેનાના નેતા પણ મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડનવીસ સાથે વાતચીત કરી ચુક્યા છે. આ વાતચીત સ્ટેટ ગેસ્ટ હાઉસ ખાતે યોજાઈ હતી. શિવ સેનાના નેતા સુભાષણ દેસાઈ અને અનિલ દેસાઈએ આ મુદ્દા પર વાતચીત કરી હતી. અગાઉ શિવ સેનાના નેતા ઉદ્ધવ ઠાકરેએ માતોશ્રી ખાતે પક્ષના સાથીઓ સાથે આ મુદ્દે વાતચીત કરી હતી. આ વાતચીતમાં તમામ ટોચના સભ્યો હાજર રહ્યા હતા. નાગપુરમાં આઠ ડિસેમ્બરથી મહારાષ્ટ્ર વિધાનસભાનુ ત્રણ સપ્તાહ લાબુ સત્ર શરૂ થઈ રહ્યું છે.

સંજય દત્તે ૧૪ દિવસના પેરોલની ફરી માંગ કરી

મુંબઈ,તા. ૪

બોલીવુડના લોકપ્રિય અભિનેતા અને હાલમાં વર્ષ ૧૯૯૩ના મુંબઈ સીરિયલ બ્લાસ્ટ કેસમાં ગેરકાયદે હથિયારો રાખવાના મામલામાં અપરાધી

જાહેર થયા બાદ પુણેની યરવાડા જેલમાં ૪૨ મહિનાની જેલની સજાનો સામનો કરી રહેલા સંજય દત્તે ફરી એકવાર પેરોલની માંગ કરી છે. આ વખતે ૧૪ દિવસની પેરોલની માંગ કરી છે. સંજય દત્ત દ્વારા વારંવાર પેરોલ અને ફરલોની માંગ કરવાને લઈને કાયદાકીય નિષ્ણાંતોમાં પણ નારાજગી દેખાઈ રહી છે.

અહેવાલ મુજબ સંજય દત્તે હવે બે સપ્તાહ માટે પેરોલની માંગ કરી છે. અભિનેતાના નજીકના સુત્રોને ટાંકીને અહેવાલમાં જણાવાયું છે કે, બે સપ્તાહના પેરોલની માંગ કરવામાં આવી છે જેને એક પખવાડિયા સુધી લંબાવી શકાય છે. તે હવે અરજીના મંજુરીની રાહ જોઈ રહ્યો છે. સંજય દત્તે જેલની સજામાંથી પ્રથમ વખત બ્રેક લીધી નથી. ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં તે જેલમાંથી બહાર આવ્યો હતો તે વખતે તે એક મહિનાની રજા પર રહ્યો હતો. જાન્યુઆરીમાં આને ૩૦ દિવસ સુધી લંબાવાઈ હતી. તેની પત્નિ માન્યતાની તબિયત ખરાબ થતાં રજા લંબાવાઈ હતી. આ પહેલા ઓક્ટોબર ૨૦૧૩માં એક મહિના રજા પર રહ્યો હતો. તેની લાંબી રજાના પરિણામ સ્વરૂપે વિવાદ થતાં સરકારે તપાસનો આદેશ કર્યો હતો.

ભારતના યુવાનો અને સિંગલ મુસ્લિમોને ઈરાક જવાની મંજૂરી મળશે નહી

મુંબઇ,તા. ૪

ભારતના યુવાનો અને સિંગલ મુસ્લિમોને હવે ઇરાક જવાની મંજૂરી મળશે નહીજો તમે સિંગલ અને ભારતીય મુસ્લિમ પુરૂષ છો તો ઇરાકના ધાર્મિક સ્થળ પર જવા માટે વીઝાની અરજી કરવી જોઇએ નહી. કારણ કે હવે યુવાનો અને સિંગલ મુસ્લિમ ના ઇરાક પ્રવાસ પર બ્રેક મુકી દેવામાં આવી છે. વીઝા પ્રોસેસિંગની સુવિધા આપનાર ઇરાકી સરકાર ઓર્ગેનાઇઝડ બે એજન્સી પૈકીની એક અલશાયા નસીર(બીજી ફેજ એ હુસેની) દ્વારા દુર ઓપરેટર્સને કેટલીક નવી શરતો પાળવા માટે કહેવામાં આવ્યુ છે. નસીરે એવા અરજીદારોના પાસપોર્ટને નહી સ્વીકારવા માટે કહ્યું છે કે જેમની વય ૩૦ વર્ષ કરતા ઓછી છે. અને પોતાના પરિવારના સભ્યો વગર ઇરાક જવા માટે ઇચ્છુક છે. આ એડવાઇઝરી આ વર્ષે મે મહિનામાં કલ્યાણમાં રહેતા ચાર યુવાનો દ્વારા ધાર્મિક સ્થળે જવાના બહાને ઇરાક જઇને ત્યાં ખતરનાક ત્રાસવાદી સંગઠન આઇએસ સાથે જોડાયા બાદ જારી કરવામાં આવી છે. વિદેશ મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું છે કે તેના દ્વારા ટુર ઓપરેટર્સને આવા કોઇ આદેશ આપ્યા નથી. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૩મી મેના દિવસે આરિફ મજીદ, ફહાદ શેખ, અમન ટંડેલ અને શાહીમ ટાંકી નામના કલ્યાણના ચાર યુવાનો બગદાદ જતા રહ્યા હતા. આ ચારેય યુવાનો પરિવત્ર ધાર્મિક સ્થળ પર જતા ૨૬ શ્રદ્ધાળુઓની સાથે બગદાદ પહોંચ્યા હતા. ત્યારબાદ તેઓ લાપતા થઇ ગયા હતા. આ શખ્સો આઇએસમાં સામેલ થઇ ગયા હતા. તે પૈકી એક મજીદ હાલમાં જ સ્વદેશ પરત ફર્યો છે. હાલમાં રાષ્ટ્રીય સુરક્ષા સંસ્થા દ્વારા તેની પુછપરછ કરવામાં આવી રહી છે. અલશાયા નસીર ટ્રાવેલ્સના એક કાર્યકારી અધિકારીએ કહ્ય ંહતું કે જો પહેલાથી જ આ નિયમો અમલી કર્યા હોત તો કલ્યાણના ચાર યુવાનો ધાર્મિક સ્થળના નામે ઇરાક ગયા હતા તેમને રોકી શકાયા હોત.

મોદી સરકાર આવ્યા બાદ વધારે યુદ્ધવિરામનો ભંગ

નવી દિલ્હી,તા. ૪

કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર આવ્યા બાદ સરહદ પર યુદ્ધવિરામના ભંગના કેસોમાં વધારો થયો છે. મોદી સરકાર આવ્યા બાદ આ વર્ષે ૩૧મી ઓક્ટોબર સુધીના ગાળામાં યુદ્ધ વિરામના ભંગના ૧૫૨ બનાવો નોંધાયા છે. જેમાં ૧૩ લોકોના મોત થયા છે અને ૧૦૧ લોકો ઘાયલ થયા છે. બીજી બાજુ સુરક્ષા દળના પક્ષે પણ ખુવારી યુદ્ધ વિરામના વ્યાપક ભંગ દરમિયાન થઇ છે. આંકડા દર્શાવે છે કે બે સુરક્ષા જવાનો શહીદ થયા છે જ્યારે ૧૪ લોકો ઘાયલ થયા છે. પાકિસ્તાન દ્વારા સતત ગોળીબાર કરીને સ્થિતીને જટિલ બનાવી છે. જેના કારણે બન્ને દેશો વચ્ચેના સંબંધોને સુધારવામાં તકલીફ થઇ રહી છે.

મોદીને ટાર્ગેટ બનાવવા ૫ આત્મઘાતી બોંબર સક્રિય

શ્રીનગર,તા. ૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ટાર્ગેટ બનાવવાની હિલચાલ લશ્કર એ તોયબા દ્વારા કરવામાં આવી રહી છે. સુરક્ષા સંસ્થાઓએ ૮મી ડિસેમ્બરના દિવસે કાશ્મીર ખીણમાં વડાપ્રધાન મોદીની પ્રથમ વિશાળ ચુંટણી રેલીને લઈને હાઈએલર્ટની જાહેરાત કરી દીધી છે.

અહેવાલમાં જણાવાયું છે કે, મોદીને ટાર્ગેટ બનાવવા ખીણમાં લશ્કર એ તોયબાના ચારથી પાંચ આત્મઘાતી હુમલાખોરો સક્રિય થયા છે. સુરક્ષા અધિકારીઓએ જે વિસ્તારમાં મોદી રેલી કરનાર છે ત્યાં સુરક્ષા વ્યવસ્થા મજબુત કરી દેવામાં આવી છે. વડાપ્રધાન ખીણના શ્રીનગર અને અનંતનાગ શહેરમાં બે ચુંટણી રેલી કરનાર છે. પક્ષના ઉમેદવારો માટે તેઓ સ્ટાર પ્રચારક તરીકે રહ્યા છે. આ વિસ્તારમાં મતદાન ૧૪મી ડિસેમ્બરના દિવસે યોજાશે. દરમિયાન કટ્ટરપંથી હુરીયત કોન્ફન્સના ચેરમેન સૈયદઅલી શાહ ગિલાનીએ વડાપ્રધાનની યાત્રા સામેના વિરોધમાં ૮મી ડિસેમ્બરે બંધની હાકલ કરી છે. બે રેલી ઉપરાંત વડાપ્રધાન ચાર વધુ રેલીઓ પણ સંબોધનાર છે. ૧૨મી ડિસેમ્બરે તેઓ રાજોરી અને કઠુઆમાં રેલીને સંબોધનાર છે. ૧૬મી ડિસેમ્બરે મોદી જમ્મુમાં એમએ સ્ટેડિયમ ખાતે એક રેલી કરશે. જ્યારે અન્ય એક રેલી બિલાવર અને બસોલી મત વિસ્તારમાં કરશે. જમ્મુ કાશ્મીરમાં પ્રથમ બે તબક્કામાં ઉંચું મતદાન નોંધાયું છે. પાંચ તબક્કામાં વિધાનસભાની ચુંટણી યોજાનાર છે. જે પૈકી બીજા તબક્કામાં ૭૧ ટકા મતદાન થયું હતું. જમ્મુ કાશ્મીરમાં મતદાનની ટકાવારીમાં સતત વધારો થયો છે. ૨૦૦૮ની વિધાનસભાની ચુંટણીમાં ૬૮.૭૯ ટકા મતદાન નોંધાયું હતું.

નિરંજન જ્યોતિના રાજીનામા મુદ્દે વિપક્ષ મક્કમ : ધાંધલધમાલ જારી

નવીદિલ્હી,તા. ૪

કેન્દ્રીય પ્રધાન નિરંજન જ્યોતિ દ્વારા ઉશ્કેરણીજનક ભાષણના મુદ્દે રાજ્યસભા અને લોકસભામાં

હોબાળો જારી રહ્યો હતો. વડાપ્રધાનના નિવેદન છતાં વિરોધ પક્ષોએ તેમની હકાલપટ્ટી કરવાની માંગ યથાવતરીતે જારી રાખી હતી. સંસદમાં હોબાળો રહ્યો હતો. રાજ્યસભાની કામગીરીને દિવસભર માટે અઢી વાગ્યાની આસપાસ મોકૂફ કરી દેવાઈ હતી. અગાઉ વારંવાર ખલેલ પહોંચાડવામાં આવી હતી.અગાઉ વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે વડાપ્રધાનની વિદેશ યાત્રા અંગે નિવેદન કર્યું હતું. કોંગ્રેસના વરિષ્ઠ નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે, લોકસભાની કામગીરીને મોકૂફ કરવાનો નિર્ણય અમે કરી ચુક્યા છે. કોંગ્રેસ અને ટીએમસીએ વોકઆઉટ કર્યો હતો. સ્પીકરે અધ્યક્ષ ઉપર કોઇ દબાણ લાવવાનો ઇન્કાર કર્યો હતો. રાજ્યસભાને વારંવાર મોકૂફ કરવામાં આવી હતી. ટેલિકોમ પ્રધાન રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, સાધ્વી નિરંજન જ્યોતિ દ્વારા ઉપયોગ કરવામાં આવેલા ભાષાથી અમે સંતુષ્ટ નથી. વડાપ્રધાનની માફી પુરતી નહીં હોવાની રજૂઆત કોંગ્રેસ દ્વારા કરાઈ હતી. લોકસભામાં વિપક્ષી સભ્યો ગૃહની વચ્ચોવચ આવી ગયા હતા અને નિરંજન જ્યોતિની હકાલપટ્ટીની માંગ કરી હતી. અચ્છે દિન કહાં કહાં ગયે તેવા સ્લોગન દર્શાવવામાં આવ્યા હતા. લોકસભામાં મહત્વપૂર્ણ માહિતી જુદા જુદા વિષયો ઉપર રજૂ કરાઈ હતી. કેન્દ્રીય પ્રધાન સાધ્વી નિરંજન જ્યોતિ દ્વારા કરવામાં આવેલા વાંધાજનક અને ઉશ્કેરણીજનક સુચનોને લઈ સંસદમાં ધાંધલ ધમાલનો દોર આજે પણ જારી રહ્યો હતો. વિરોધપક્ષોએ સંસદમાં હોબાળો મચાવ્યો હતો. પ્રધાનના રાજીનામાની માંગ ઉપર મક્કમ સંયુક્ત વિરોધપક્ષે રાજ્યસભા અને લોકસભા બન્નેમાં કાર્યવાહીને અટકાવી હતી અને ખલેલ પહોંચાડી હતી. સતત ત્રીજા દિવસે હોબાળો રહ્યો હતો. કોંગ્રેસની સાથે તૃણમૂલ કોંગ્રેસના સાંસદો અને અન્ય વિરોધપક્ષોના સાંસદો પણ જોડાયા હતા. કોંગ્રેસના વરિષ્ઠ નેતા મણિશંકર ઐયરે કહ્યું હતું કે વડાપ્રધાને એક પ્રધાન દ્વારા કરવામાં આવેલા આવા નિવેદન બદલ માફી માંગી લેવી જોઈએ. સાધ્વી નિરંજન જ્યોતિએ સોમવારના દિવસે દિલ્હીમાં એક રેલીને સંબોધતા વિવાદાસ્પદ સુચન કર્યાહતા. જેમાં તેમણે રામજાદોની સરકાર તેમને જોઈએ છે કે પછી ગેરકાયદે તોફાની તત્વોની સરકાર જોઈએ છે તેવો પ્રશ્ન કર્યો હતો. ત્યારબાદથી ભારે વિવાદ થયેલો છે.

સ્ટાર સની લિયોન મમતા કુલકર્ણીની ભૂમિકા કરશે

મુંબઈ, તા. ૪

વિતેલા વર્ષોની ફિલ્મ ઈન્ડસ્ટ્રીની લોકપ્રિય અભિનેત્રી મમતા કુલકર્ણી હંમેશા રહસ્યમય રહી છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સફળતા મેળવી લીધા બાદ અને તમામ મોટા અભિનેતાઓ સાથે કામ કરી લીધા બાદ એકાએક તે ફિલ્મોમાંથી લાપતા થઈ હતી. મોડેથી એવા અહેવાલ આવ્યા હતા કે તે જાહેરમાં આવા ઈચ્છુક નથી. પરંતુ મોડેથી એવા અહેવાલ પણ આવ્યા હતા કે તે ડ્રગ માફિયા સાથે જોડાઈ ગઈ છે. કેન્યામાં આનો પર્દાફાશ થયો હતો. એકંદરે તેની લાઈફ હંમેશા ચર્ચાસ્પદ રહી છે. આજ કારણસર આ અભિનેત્રી ઉપર ફોટોગ્રાફર જયેશ શેઠ ફિલ્મ બનાવવા જઈ રહ્યા છે. તેની ભૂમિકા અદા કરવા માટે એડલ્ટ સ્ટાર સની લિયોનની પસંદગી કરાઈ છે. આના માટે સની લિયોન તૈયાર થઈ છે. અહેવાલના સંદર્ભમાં વાત કરતા જયેશે કહ્યુંછે કે, તેમાનેછે કેમમતી કુલકર્ણીની ભૂમિકામાં સૌથી યોગ્ય સની લિયોન રહેશે. જોકે, તેમણે કહ્યું છે કે સંભવિત કલાકારોના સંદર્ભમાં હાલમાં વાત કરવી ખૂબ વહેલી તકે રહેશે. મૂળભૂત પટકથા લખવામાં આવી રહી છે. મમતા કુલકર્ણી વિતેલા વર્ષોમાં સલમાન સહિતના કલાકારો સાથે કામ કરી ચુકી છે.

ઉત્તરપ્રદેશ : સ્કુલ બસ-ટ્રેન ટકરાતા છ બાળકોના મોત

મઉ,તા. ૪

ઉત્તરપ્રદેશના મઉ જિલ્લામાં આજે સવારે એક સ્કુલ બસ ટ્રેન સાથે ટકરાઈ જતા છ માસુમ બાળકોના મોત થયા હતા અને ઓછામાં ઓછા અન્ય ૧૬ ગંભીર રીતે ઘાયલ થયા હતા. આકસ્માતમાં મોતનો આંકડો વધી શકે છે. આ અકસ્માત સવારે માનવરહિત ક્રોસિંગ ખાતે થયો હતો. મળેલી માહિતી મુજબ સવારમાં આજમગઢ-વારાણસી પેસેન્જર ટ્રેન વારાણસીની તરફ જઈ

રહી હતી ત્યારે જ બાળકોને લઈને જઈ રહેલી સ્કુલ બસ મઉ પાસે એક રેલવે ક્રોસિંગ પાર કરી રહી હતી. રેલવે ક્રોસિંગને પાર કરતી વેળા બસ અને ટ્રેન ટકરાઈ ગઈ હતી. નોર્ધન ઈસ્ટર્ન રેલવેના જનસંપર્ક અધિકારીએ માહિતી આપતા કહ્યું હતુ કે આ અકસ્માતમાં સ્કુલ બસના ડ્રાઈવરને પણ ઈજા થઈ હતી. તમામ ઘાયલ થયેલા સ્કુલી બાળકોને તરત જ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં કેટલાકની હાલત ગંભીર હોવાની વાત તબીબોએ કરી છે. સ્થાનિક અધિકારીએ કહ્યું હતું કે જયારે આ બનાવ બન્યો ત્યારે સવારમાં ધુમ્મસની સ્થિતી હતી. ધુમ્મસના લીધે બનાવ બન્યો હતો. જાણકારી મુજબ બનાવ વેળા સ્કુલી બસમાં ૨૦ કરતા વધારે વિદ્યાર્થીઓ હતા. રેલવે પ્રદાન સુરેશ પ્રભુએ બાળકોના મોત અંગે દુખ વ્યક્ત કર્યું છે. સાથે સાથે મૃતકોના પરિવારને વળતર આપવાની જાહેરાત કરી છે.

સુરેશ પ્રભુએ કહ્યું હતું કે તેઓ મઉ જઈને ભોગ બનેલા લોકોના પરિવારના સભ્યો સાથે વાત કરશે. રેલવે રાજ્ય પ્રધાન મનોજ સિંહા મઉ પહોંચી રહ્યા છે. દેશમાં માનવરહિત ક્રોસિંગ ખાતે અકસ્માતો થવાના કેસમાં હાલમાં વધારો થયો છે. માનવ રહિત ક્રોસિંગને સંપૂર્ણપણે દુર કરવાની પ્રક્રિયા પહેલાથી જ તબક્કાવારીતે ચાલી રહી છે. મઉ અને ખુરાહાટ રેલવે સ્ટેશન વચ્ચે માનવરહિત રેલવે ક્રોસિંગને પાર કરવાના બસ પ્રયાસ કરતા બનાવ બન્યો હતો. નોર્થ ઈસ્ટર્ન રેલવેના પબ્લિક રિલેશન ઓફિસર અશોક કુમારે કહ્યું હતું કે છ બાળકોના ઘટનાસ્થળે મોત થયા હતા.

સમાચાર ઝલક

- તમામ પડકારોથી સંપૂર્ણ વાકેફ છું. સીબીઆઈના નવા વડાશ્રી અનિલકુમાર સિંહા.
- ગ્રાહકો પર વધુ બોજ નાખ્યા વગર બજેટ ખાધ ઘટાડવાના પ્રયત્નો.
- શેરોમાં રોકાણ કરવા વિશ્લેષકોની સલાહ પર વિરામ.
- તા. ૫મી ડિસેમ્બર સશસ્ત્ર સેના ઝંડા દિવસની ઉજવણી કરાશે.
- ભારતમાં ભ્રષ્ટાચાર ઘટયો હોવાથી વૈશ્વિક યાદીમાં ૮૫માં સ્થાને આવ્યું. સૌથી સ્વચ્છ દેશ ડેનમાર્ક.
- તામિલનાડુની ઘટના : વિદ્યાર્થીએ શિક્ષકોને તમાચો માર્યો જેથી કાનનો પડદો તૂટી ગયો.
- રાજકોટમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી તુષાર પંડયાના લગ્નના દિવસે જ પિતાનું અવસાન થયું.
- યુરોપમાં પેલેસ્ટાઈન પ્રાંતને સ્વીકારવાની ચર્ચાથી ઈઝરાઈલમાં ખળભળાટ.
- ધોરાજીમાં કુતરાનો આતંક - ૩૫વ્યકિતઓને બટકા ભર્યા.
- ચીનમાં લગ્ન સમારંભ માણવા આવનારને રોકડ નાણાં વહેંચવામાં આવ્યા. જેની રકમ એક કરોડ રૂપિયા જેટલી હતી.
- શિયાળામાં શાકભાજીના ઊંચા ભાવે ઉંધિયું મોંઘુ બન્યું.
- રાષ્ટ્રીયકૃત બેંકોએ ૩૪૦૦૦ કરોડની લોન માંડવાળ કરી.